આંક–૨૭

**:: નમુના – અ ::**

## વંથલીના એડી. ચીફ જયુડીશ્યલ મેજી. જજ સાહેબની કોર્ટમા, મુ. વંથલી.

## રજુ :– અનુભવ પાંડે

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૧૩/૦૮/૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | **૪૭૫/૨૦૨૪** |

## :: ગુનાની વિગત ::

| | | |
|---|---|---|
| ગુનાની કલમ | | જુગાર ધારાની કલમ–૧૨ મુજબ. |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | | ૧૧૨૦૩૦૬૮૨૪૦૪૪૯/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | | વંથલી. |
| ફરીયાદ પક્ષ | | સરકારી શ્રી /મુળ ફરીયાદી –<br>ખીમાભાઇ સેજાભાઇ ખાંભલા |
| રજુઆત | | વિ. એ. પી. પી. શ્રી કે. બી. ટાંક |
| બચાવ પક્ષ | ૦૧ | અબ્દુલભાઇ ઉર્ફે અબુ ઇસ્માઇલ સાંધ<br>ઉ.વ.૨૭, ધંધો–વેપાર, |
| | ૦૨ | જમનભાઇ ગોવિંદભાઇ સોલંકી<br>ઉ.વ.૩૫, ધંધો–મજુરી, |
| | ૦૩ | જુસબ સુલતાનભાઇ સાંધ<br>ઉ.વ.૩૫, ધંધો–મજુરી, |
| | ૦૪ | પરસોતમભાઇ કચરાભાઇ સોલંકી<br>ઉ.વ.૪૬, ધંધો–મજુરી,<br>રહે. તમામ નવાગામ, તા.વંથલી. |
| | ૦૫ | ભરતભાઇ અશોકભાઇ સોલંકી<br>ઉ.વ.૨૭, ધંધો–મજુરી,<br>રહે. બધા ટીકર, તા.વંથલી. |
| રજુઆત | | વિ. વ. શ્રી વી. યુ. વદર. |

**:: નમુના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૩૦/૦૮/૨૦૨૪ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૩૦/૦૮/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૧૦/૦૯/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | ૨૫/૦૬/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૮/૦૮/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૧/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૩/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | -- |

**:: આરોપીની વિગત ::**

| આરોપી નો અનુક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારખી | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો. કા. સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અબ્દુલભાઇ ઉર્ફે અબુ ઇસ્માઇલ સાંધ | ૩૦/૦૮/૨૦૨૪ | ૩૦/૦૮/૨૦૨૪ | ઉપર મુજબ | | -- | ૩૦/૦૮/૨૦૨૪ થી ૩૦/૦૮/૨૦૨૪ |
| ૨ | જમનભાઇ ગોવિંદભાઇ સોલંકી | ૩૦/૦૮/૨૦૨૪ | ૩૦/૦૮/૨૦૨૪ | ઉપર મુજબ | | -- | ૩૦/૦૮/૨૦૨૪ થી ૩૦/૦૮/૨૦૨૪ |
| ૩ | જુસબ સુલતાનભાઇ સાંધ | ૩૦/૦૮/૨૦૨૪ | ૩૦/૦૮/૨૦૨૪ | ઉપર મુજબ | | -- | ૩૦/૦૮/૨૦૨૪ થી ૩૦/૦૮/૨૦૨૪ |
| ૪ | પરસોતમભાઇ કચરાભાઇ સોલંકી | ૩૦/૦૮/૨૦૨૪ | ૩૦/૦૮/૨૦૨૪ | ઉપર મુજબ | | -- | ૩૦/૦૮/૨૦૨૪ થી ૩૦/૦૮/૨૦૨૪ |
| ૫ | ભરતભાઇ અશોકભાઇ સોલંકી | ૩૦/૦૮/૨૦૨૪ | ૩૦/૦૮/૨૦૨૪ | ઉપર મુજબ | | -- | ૩૦/૦૮/૨૦૨૪ થી ૩૦/૦૮/૨૦૨૪ |

**:: નુમનો ક ::**

ફરીયાદી / બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરીયાદ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ. સા. ૧(આંક–૧૧) | હિતેન્દ્રભાઇ ભીખુભાઇ વડીયાતર | પંચ |
| ફ. સા. ૨(આંક–૧૩) | પ્રવિણભાઇ નથુભાઇ મણવર | પંચ |
| ફ. સા. ૩(આંક–૨૩) | ખીમાભાઇ સેજાભાઇ ખાંભલા | ફરીયાદી |
| ફ. સા. ૪(આંક–૨૫) | પરેશભાઇ બાવનભાઇ હુણ | ત.ક.અ. |

બ. બચાવ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|

ક. ન્યાયલયના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા. સા. ૧ | | |

ફરીયાદી / બચાવ /ન્યાયલયના આંકની યાદી

અ. ફરીયાદ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ (ફ.સા.૦૧) | ૧૨ | આરોપીનું અટક તથા મુદામાલ કબજે લીધાનું પંચનામું. |
| ૨ (ફ.સા.૦૨) | ૨૪ | ફરીયાદ. |
| ૩ (ફ.સા.૦૪) | ૨૬ | તપાસનો હુકમ. |

બ. બચાવ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|

ક. ન્યાયલય આંક

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|

ડ. ભૌતીક પદાર્થ :–

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|

**–:: <u>ચુકાદો</u> ::–**

**(૦૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓ વંથલી તાબાના ટીકર ગામે દલીતવાસમાં ઇસ્માઇલભાઇ સાંધના ઘર પાસે શેરીમાં જાહેરમાં તા.૩૦/૦૮/૨૦૨૪ ના કલાક ૧૪–૪૫ વાગ્યે ગંજીપતાના પાનાઓ વડે પૈસાની હારજીત કરી તીનપતી નામનો જુગાર રમી રોકડા રૂા.૨,૩૨૦/– તથા જુગારના સાહીત્ય સાથે પકડાઇ જઇ ગુન્હો કરેલ.

**(૦૨)** વંથલી પોલીસ સ્ટેશન ગુ. રજી. નં.૧૧૨૦૩૦૬૮૨૪૦૪૪૯/ ૨૦૨૩ ગુન્હાની તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ જુગાર ધારા કલમ–૧૨ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલું.

**(૦૩)** આ કામે આરોપીઓને ધોરણસર સમન્સની બજવણી થતાં તેમના વિ. વ. શ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતાં બી. એન. એસ. એસ. ની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ.

**(૦૪)** ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ આંક–૪ થી આંક–૮ સુધી પ્લી નોંધતા, તેઓએ ફરીયાદ પક્ષનાં કેસનો ઇન્કાર કરી ગુન્હો કબુલ નથી તેમ જણાવતાં ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૦૫)** ત્યારબાદ ઉપરોકત પુરાવા પછી ફરીયાદ પક્ષ તરફથી વધુ કોઇ સાહેદોને તપાસવામાં આવેલ નથી અને ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓનું બી. એન. એસ. એસ. ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધતા આરોપીઓએ ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે અને બાદ દલીલો સાંભળી કામ આખરી નિર્ણય માટે મુલત્વી રાખવામાં આવેલ.

**(૦૬)** આ કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓ વંથલી તાબાના ટીકર ગામે દલીતવાસમાં ઈસ્માઈલભાઈ સાંધના ઘર પાસે શેરીમાં જાહેરમાં તા.૩૦/૦૮/૨૦૨૪ ના કલાક ૧૪–૪૫ વાગ્યે ગંજીપતાના પાનાઓ વડે પૈસાની હારજીત કરી તીનપતી નામનો જુગાર રમી રોકડા રૂા.૨,૩૨૦/– તથા જુગારના સાહીત્ય સાથે પકડાઈ જઈ જુગાર ધારા કલમ–૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૦૭)** ઉપરોકત મુદદા પરત્વેના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**–:: <u>કારણો</u> ::–**

**<u>મુદા નંબર ૧ :–</u>**

**(૦૮)** ફરીયાદ પક્ષે આંક–૧૧ થી પંચ સાહેદ હિતેન્દ્રભાઈ ભીખુભાઈ વડીયાતરને તથા આંક–૧૩ થી પંચ સાહેદ પ્રવિણભાઈ નથુભાઈ મણવરને તપાસેલા છે આ સાહેદોની જુબાની જોવામાં આવે તો આ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી અને તેમની વિ. એ. પી. પી.શ્રી એ કરેલી ઉલટતપાસમાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી હકીકત નીકળી આવતી નથી અને તેમની જુબાનીથી આંક–૧૨ ના મુદામાલ કબજે લીધા તથા આરોપીના

અટક પંચનામાની હકીકતને સમર્થન મળતું નથી. આમ, આ સાહેદોની જુબાનીથી આંક–૧૨ ના મુદામાલ કબજે લીધા તથા આરોપીના અટક પંચનામાની હકીકતો પુરવાર થતી નથી.

**(૦૯)** ફરીયાદ પક્ષે ફરીયાદી સાહેદ ખીમાભાઈ સેજાભાઈ ખાંભલા તેમની આંક–૨૩ ની જબાનીમાં જણાવે છે કે, તા. ૩૦/૦૮/૨૦૨૪ ના રોજ તેઓ અન્ય પોલીસ સ્ટાફના માણસો વંથલીના સી બીટ વિસ્તારમાં પેટોલીંગમાં હતા દરમ્યાન તેઓને બાતમી મળેલ કે ટીકર ગામે દલીત વાસમા ઈસ્માઇલ સાંધના ઘર પાસ શેરીમા જાહેર જગ્યામાં અમુક ઇસમો જુગાર રમે છે બાતમીવાળી જગ્યાએ પેદલ ચાલી રેડ કરતા પોલીસને તથા પંચોને જોઈ તેમની પાસે રહેલા પૈસા તથા પતા પટ્ટમા નીચે ફેંકી દીધેલ જેથી તમામને કોર્ડન કરી જેમના તેમ પકડી પાડેલ અને નામ પુછતા (૧) અબ્દુલ ઈસ્માઈલ સાંધ, (૨) જમન ગોવીંદ સોલંકી, (૩)જુસબ સુલતાનભાઈ સાંધ, (૪) પરસોતમ કચરા સોલંકી (૫) ભરત અશોક સોલંકી હોવાનુ જણાવેલ. સાહેદે વધુમાં જણાવેલ કે, રોકડા રૂા.૨૩૨૦/–, ગંજીપતાના પાના નંગ–૫૨ તેમજ પાથરણુ નંગ–૧ તપાસ અર્થે કબ્જે કરેલ અને તે અંગેનુ વિગતવારનું પંચનામુ પી.બી.હુણનાઓએ કરેલ તેમજ ફરીયાદ પોતે આપેલી તેમ જણાવી આંક–૨૪ થી રજુ રાખેલ. સાહેદ બચાવ પક્ષની ઉલટમાં કબુલ રાખે છે કે, બન્ને પંચો વંથલીના રહીશ છે, બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંક વિસ્તાર આવેલો છે.

**(૧૦)** આ કામે ફરીયાદ પક્ષે આંક–૨૫ થી ત.ક.અ. સાહેદ પરેશભાઈ બાવનભાઈ હુણને સોગંદ ઉપર તપાસતા તેઓ ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થનકારક પુરાવો આપી રેડમાં તેઓ સાથે હોવાનું તથા ત્યારબાદ તેઓને આ કામની તપાસ મળતા તપાસ સંભાળી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ

પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલાનું જણાવે છે. તેઓ બચાવ પક્ષની ઉલટમાં કબુલ રાખે છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંક વિસ્તાર આવેલો છે. આમ, બનાવવાળી જગ્યાએ સ્વતંત સાહેદો ઉપલબ્ધ હોવા છતાં તેવા કોઈ સાહેદોને ફરીયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલા નથી.

**(૧૧)** આમ, ઉપરોકત સમગ્ર રજૂ થયેલ માખિક તથા દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતાં. સદર કામનાં પંચ સાહેદો મુદામાલ કબજે લીધાના પંચનામાને સમર્થન કરતા ન હોય તેમજ બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં તેઓને તપાસવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં માત્ર પોલીસ સાહેદોની જુબાનીથી આરોપીઓ જાહેરમાં ગંજીપતાના પાના વડે પૈસાની હારજીત કરી તીન પતી નામનો જુગાર રમતા હોવાનું માની શકાય નહી.

**(૧૨)** આમ, ફરીયાદ પક્ષ એ પુરવાર કરી શકેલ નથી કે, આરોપીઓ વંથલી તાબાના ટીકર ગામે દલીતવાસમાં ઈસ્માઇલભાઇ સાંધના ઘર પાસે શેરીમાં જાહેરમાં તા.૩૦/૦૮/૨૦૨૪ ના કલાક ૧૪–૪૫ વાગ્યે ગંજીપતાના પાનાઓ વડે પૈસાની હારજીત કરી તીનપતી નામનો જુગાર રમી રોકડા રૂા.૨,૩૨૦/– તથા જુગારના સાહીત્ય સાથે પકડાઇ જઇ જુગાર ધારા કલમ–૧૨ હેઠળ ગુન્હો કરેલ છે જેથી મુદ્દા નં. ૧ નો જવાબ “નકારમાં' આપવામાં આવેલ છે અને મુદ્દા નં.–૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

**(૧)** હાલના આરોપી (૧) અબ્દુલભાઇ ઉર્ફે અબુ ઇસ્માઇલ સાંધ (૨) જમનભાઇ ગોવિંદભાઇ સોલંકી (૩) જુસબ સુલતાનભાઇ સાંધ (૪)

પરસોતમભાઇ કચરાભાઇ સોલંકી તથા (૫) ભરતભાઇ અશોકભાઇ સોલંકી રહે. બધા ટીકર તા.વંથલીનાઓને જુગારધારા કલમ–૧૨ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હામાં શંકાનો લાભ આપી બી. એન. એસ. એસ. ની કલમ–૨૭૮ અન્વયે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આજરોજ આરોપીઓ કોર્ટ મા હાજર ન હોય આરોપીઓને હાલના કેસમાં નિર્દોષ ઠરાવેલ હોય સી.આર.પી.સી.કલમ ૩૫૩(૬) ની જોગવાઇ મુજબ આરોપીની ગેરહાજરીમા ચુકાદો જાહેર કરવામા આવે છે.

**(૨)** મુદામાલ ચલણી નોટો અપીલ પીરીયડ બાદ સરકાર ખાલસા કરવી તથા અન્ય મુદામાલનો અપીલ પીરીયડ બાદ ધોરણસર નાશ કરવો.

**(૩)** આ કામના આરોપીઓના જામીનખત અને જાતમુચરકા રદ કરવામાં આવે છે અને આરોપીઓએ સી. આર. પી. સી. ની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૫,૦૦૦/– ના જાત જામીન અને જાતમુચરકા રજુ કરવા અગર તો જામીન તરીકે ચાલુ રહેવા પુરસીસ રજુ કરવી.

આજરોજ તા.૧૩ મી માહે–ઓગષ્ટ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. વંથલી.
તા.૧૩/૦૮/૨૦૨૬.

(અનુભવ પાંડે)
એડી. ચીફ જયુડી. મેજી., વંથલી
કોડ નં.જીજે૦૧૧૩૩.